સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

નાહ્યા છે બધા વહેતી ગંગામાં, કોઇ કોરૂં નથી!
સમજે છે બધું પબ્લીક કંઇ કોઇ છોરૂં નથી,
મ્હોરૂં પણ રહ્યું નથી હવે સેનાનું સિંહ જેવું -
છે અમૂલ્ય પ્રાણ સૈનિકોનાં કંઇ કોઇ ઢોરૂં નથી!!
(હલકાં હેલીકોપ્ટરમાં જીવ ગુમાવતા સૈનિકો)

છે સંડોવણી,
યુપીએ-એન્ડીએની -
ચોરના ભાઇ - ..
(ખરીદીમાં બધા લીંપેલા છે)

'સુંદરકાંડ'
બદલે બોલી જાય -
'સુરંગ કાંડ'
(કથાવાળા, છાપાં વાંચી-વાંચી)

ચિંતન

સઃ જીવતિ ગુણાઃ યસ્ય ધર્મો યસ્ય સઃ જીવતિ ।
ગુણધર્મ વિહીનો યો નિષ્ફલં તસ્ય જીવિતમ્ ॥

'જે વ્યક્તિ સદ્‌ગુણો અને ધર્મ સાથે જીવન જીવે છે તે જ સાચું જીવે છે. ગુણ વિના અને ધર્મ વગરનું જીવન અને જીવનાર વ્યક્તિનું જીવતર તદ્દન નિષ્ફળ છે.'

જીવનનો હેતુ-ઉદ્દેશ, સમાજમાં, પોતાને મળેલાં કર્તવ્ય-ફરજ-સ્થાન-કૌટુંબિક હોદ્દો-ને પવિત્ર ફરજ-ધર્મ સમજી-નિષ્ઠાપૂર્વક એનો અમલ કરવાનો છે.

સમાજમાં વેપારી-ડોક્ટર-ઇજનેર-ક્લરી નાના મોટા કર્મચારીઓ-હોદ્દેદારો-નેતાઓ કે સામાજિક હોદ્દા પુત્ર-પુત્રવધુ, પિતા-માતા, સાસુ-સસરા વગેરેને પદ સાથે ચોંટેલી જવાબદારી-સંપૂર્ણ નિષ્ઠા સાથે બજાવે તે 'ધર્મ' કહેવાય. સદાચાર અને સદ્‌ગુણોથી ભરપુર જીવન જીવે એ જ 'ધર્મ' છે. ધર્મગ્રંથો જપ-તપ-માળા એ ધર્મનું બાહ્ય લક્ષણ હોઇ શકે પણ માનવજાતની સેવા સિવાયનું જીવન એ જીવતર નકામું છે.

સમાજ પ્રત્યે આપણી સૌની એક જવાબદારી છે તે જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવવીએ એને જ ધર્મ કહેવાય.

પ્રકૃતિ-સમાજના મૂલ્યોને કોરાણે મૂકી મરજી મુજબ, મર્યાદાહીન જીવન જીવવું એ 'જીવતર' નથી. એનો જન્મ નકામો - નિષ્ફળ છે.

સુવિચાર

- શિખામણથી નથી શિખતું એટલું બાળક અનુકરણથી શીખે છે - વર્ક
- 'જાણતા નથી' એ એટલી શરમજનક વાત નથી જેટલી શીખવાની તૈયારી ન હોય - ફ્રેંકલિન
- જે માણસ એમ સમજે છે કે મને બધું જ આવડે છે તે ક્દી કંઇ જ શીખી શકતો નથી- બ્લાઉંદ
- તો શીખવું જ હોય તો જીવનમાં બનતી નાની નાની બાબતો પણ ઘણું શીખવી જાય છે - રસેલ
- જીવનની પ્રત્યેક ભૂલ તમને કંઇક ને કંઇક શીખવી જાય છે - બાર્ન્સ ડિકન્સ
- કોઇ પણ ને તમે કંઇ શીખવી નથી શકતા પણ તેની અંદર પડેલી શક્તિને બહાર કાઢવાની પ્રયુક્તિ શીખવી શકો છો - ગેલિલિયો
- જો તમારી શીખવાની તીવ્ર ઇચ્છા શક્તિ હોય તો કોઇ પણ બાબત કોઇ પણ ઉંમરે શીખી શકાય છે - સરદાર પટેલ

બોધ કથા

જીવનના આશ્રમ પ્રમાણે આપણે આયુષ્યના અને જીવનરીતીના ભાગ-કટકા કરી નાખીએ છીએ. બ્રહ્મચર્ય આશ્રમમાં વિદ્યાપ્રયાસ, (બ્રહ્મચર્યની ખાતરી ન અપાય!) પછી સંસાર, વાનપ્રસ્થ વગેરે હવે જ્યારે યુવાન કોલેજમાં ભણતો હોય ત્યારે જાણે ઇશ્વર-ધર્મ-અધ્યાત્મ સાથે એને સ્નાન અને નચોવવાનો કંઇ જ સંબંધ ન હોય એમ જીવે છે. લગ્ન - નોકરી ધંધામાં પણ ધર્મ સવાર-સાંજની પ્રાર્થના પૂરતો ક્દાચ મર્યાદિત હોય છે!

ધર્મ તો ખરેખર જન્મના પ્રથમ શ્વાસથી ડગલે ને પગલે આપણી સાથે જ, દરેક વિચાર-વર્તન અને આચરણમાં હોવો જોઇએ. આપણે બુધ્ધિશાળી બુધ્ધિને બહાને બચાવ પ્રયુક્તિઓ પ્રયોજી ઇશ્વર ધર્મ-થી દૂર રહેવા કે રાખવાના પ્રયત્નમાં જ રહીએ છીએ. એક સાધકે સંતને વચન આપેલું નિવૃત થઇશ પછી દિક્ષા લઇશ.

સંત તો સમય થયો ત્યારે હાજર થયા અને કહ્યું - ચલો, બેટા હવે સંસારથી નિવૃત્ત થઇ દિક્ષા લેવાનો સમય આવી ગયો છે.

સાધક કહે - ગુરૂજી! મારી બુધ્ધિ હજુ મને અવઢળમાં નાખે છે, મન દ્વિધામાં છે, વિચાર તો છે, પણ..

ગુરૂ કહે, એ જ બુદ્ધિએ મને પણ અનંત જન્મોની રઝળપાટ કરાવી છે, હવે હું સાચાં માર્ગે આવ્યો છું. તને હજી એ બુધ્ધિ પર વિશ્વાસ છે?!

સાધકે દિક્ષા લીધી.

કિરણચંદનો પરિચય બધી જ રીતે મધમધતો ગુલાબનો ગજરો છે, મધમધતી સુવાસના માલિક સતત વ્યસ્ત રહે છતાં કર્ણપ્રિય શાસ્ત્રી સંગીતમાં અનહદ રૂચિ છે

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

દુનિયામાં કોઈ વસ્તુ ખરાબ નથી. પરંતુ પ્રતિકૂળ પરિસ્થિતિને સદ્‌ભાવના પૂર્વક પ્રેમથી રૂપાંતરિત કરવી જોઈએ. આ પોઝીટીવ ઉદ્‌ગાર છે. સ્પષ્ટ વક્તા તેમત કુશળ ઉદ્યોગકાર કિરણચંદ મગનલાલ ગુલગુલીયાના.

તા. ૧-૧- ૧૯૫૦ના રોજ રાજસ્થાનના દેશ નોકમાં (જિલ્લો બિકાનેર) અવતરેલા મજાના માણસના પિતા મગનલાલ અને માતા અનુપદેવી. ૧૯૬૮માં ઈલેકિટ્રકલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમાંનો અભ્યાસ કર્યો. ૧૯૬૯માં સંપત દેવી, અરૂણાદેવી સાથે લગ્ન બંધનથી જોડાયા. ૧૯૭૩થી ૧૯૭૬ આસામથી ફરીદાબાદ, ફરીદાબાદથી રાજકોટ ૧૯૭૬થી જામનગરમાં દેવી એન્ટરપ્રાઈઝ નામે કારખાનું શરૂ કર્યું. ઘેરથી એકપણ પૈસો લીધા વિના સાહસ કર્યું, મિત્રોના પૈસા દુઘે ઘોઈ પરત આપ્યા. સંતાનોમાં અશોક, અરવિંદ, દિપક પોતાની સૂઝથી સ્વતંત્ર રીતે અમદાવાદ ખાતે વ્યવસાય સંભાળે છે.

સંયોગોના દબાણમાં કિરણચંદ શાંતિથી વિચારે છે, વિચલિત થતાં નથી. કમ્પ્યુટર યુગ વિશે તેઓ મંતવ્ય આપે છે કે, 'કમ્પ્યુટર યુગ ઘણો જ સારો છે પણ આમ જનતા તેનો અર્થ સમજતી નથી.'

શ્રી કિરણચંદનો પરિચય બધી જ રીતે મઘમઘતો ગુલાબનો ગજરો છે. મઘમઘતી સુવાસના માલિક સતત વ્યસ્ત રહે છતાં કર્ણપ્રિય શાસ્ત્રી સંગીતમાં અનહદ રૂચિ છે. અવાજોના શહેનશાહ રફી સાહેબના ગીતો તેઓ ખૂબ જ ભાવપૂર્વક ગાય છે. સંગીતનો ખજાનો ધરાવતા આ આદમી રીડર્સ ડાયજેસ્ટ વાંચવાનું ઉપરાંત ઈશ્વરની સૃષ્ટિમાં રમમાણ રહેવાનું અને ચિત્ર દોરવાનું બહુ ગમે છે.

ટીવી સિરિયલ જુઓ છો? એવો પ્રશ્ન જ્યારે મેં કિરણચંદજીને કર્યો. ત્યારે તેમણે હિન્દુસ્તાનના બાળકો, યુવાન - યુવતીઓ અને સ્ત્રી-પુરુષો માટે કહ્યું કે, 'મોટા ભાગની સિરિયલો બાળકો, યુવાન - યુવતીઓ અને સ્ત્રી-પુરુષો માટે સમય વેડફવાનું મોટું કારખાનું ચે. અતિશય ટીવી જોવાથી બાળ માનસ વિકૃત, સ્વછંદી, ઉધ્ધત અને આળસુ બની જાય છે.'

પ્રકૃતિ ચાહક, ખુલ્લા દિલના માલિક સફળ ઉદ્યોગકારશ્રી કિરણચંદ ગુલગુલીયા

ખરેખર ટીવીમાં રજૂ થતાં સ્થૂળ સમાચારો સાવ નકામા હોય છે. કેટલાક ટીવી કાર્યક્રમો નરી વિકૃતિ જ છે. માતા-પિતાએ પોતાના બાળકો સાથે બેસી તેને નેશનલ જોગ્રોફ્ફી, ડિસ્કવરી ઓફ ઈન્ડિયા જેવા કાર્યક્રમો દર્શાવવા જોઈએ. શ્રી કિરણચંદ રમત-ગમતમાં રસ ધરાવે છે. દિવસમાં એક કલાક રમે છે. ફૂટબોલ પસંદ છે. માણસે હસતાં હસતાં જીવન જીવવું જોઈએ. એવું તેમનું માનવું યોગ્ય છે.

બાધા, આખડી કે માનતામાં આસ્થા રાખળા કરતાં ઈશ્વરને શ્રદ્ધાપૂર્વક પૂજો અને કહો કે, 'હે પ્રભુ, ગમે તે પરિસ્થિતિમાં તું મારી સાથે રહેજે.' તેઓ ઉપવાસ, વ્રત, એકટાણાં કરતા નથી. પાખંડ તેમને ગમતાં નથી. પણ હૃદયભાવથી પ્રભુની આરાધના કરે છે.

સ્વદેશેથી કન્યાકુમારી સુધી કુદરતના ખોળે સ્વૈર વિહાર કરવા ઉપરાંત વિદેશ મલેશિયા, સિંગાપોર, બેંગકોકની ધરતી પર શ્રીકિરણચંદ વિહર્યા છે.

સોનેરા ગોલ્ડ તેમજ ઈનોવા ટોયેટો જેવી કારમાં સફર કરતાં આ ગુલાબી શખ્સને ક્રુરૂઢિ જરાય પસંદ નથી. રચનાત્મક પ્રવૃતિથી તરબતર કિરણચંદ આજના યુવાનોને પ્રેરક ઉદાહરણ આપતા સંબોધે છે કે, ડર, બીક વિના આગળ વધો. પ્રગતિ હંમેશા તમારી રાહ જોશે. સારે લાગુ તેવું ગ્રહણ કરો. ડુપ્લીસિટીવાળો માણસ હંમેશા ઉલઝનમાં રહેતો હોય છે, બને તેટલી નિખાલસતા રાખવી.

કિરણચંદ સાથે પરિચય કરતાં એમના જીવનમાંથી અનુભવનો નિચોડ નિતરતો હતો. એક સફળ ઉદ્યોગકાર થવા મથતા યુવાનોને તેમના પાણીદાર વાક્યો આત્મસાત કરવા જેવા છે.

(૧) પરમાત્માએ જે કર્યું તે બરાબર છે, પછી તેને તમે નેચર કહો કે ભગવાન!

(૨) આપણા દેશમાં શિક્ષણ પાછળ ઘણો ખર્ચ થાય છે. પણ વિદ્યાર્થીઓ તેનું વળતર લેતાં નથી, આપતા નથી.

(૩) આપણને જગતમાંથી મળ્યું છે અને આપણે જગતને આપવું જોઈએ.

(૪) મને હંમેશા બીજાની પ્રગતિમાં રસ રહ્યો છે, મારાંમાં મદદરૂપ થવાની ભાવના જાગૃત હોય છે.

(૫) દરેક માણસે દુનિયામાં નેચરલ ફન્ડામેન્ટલ વસ્તુનો અભ્યાસ કરવો જોઈએ, ફન્ડામેન્ટલ જ કામ આવે છે.

(૬) સ્વાર્થની દુનિયામાં બને તેટલા તમે તમારા જ બનો.

(૭) બે ઘોડાની સવારી ક્યારેય ન થાય. તેમ બે મોઢાળી વાત ન થાય.

(૮) તમારા સંતાનોને અતિ ટોર્ચરિંગ કે હેમરિંગ ન કરો. નહીં તો સત્યનાશ નીકળી જશે.

(૯) શિક્ષણ મગજની શક્તિને ખોલે છે, સંતાનોને બરાબર પ્રેમથી ભણાવો.

કિરણચંદનું ઉદ્યોગ સંકુલ જામનગરમાં ઉદ્યોગનગર ખાતે આવેલું સદાય ધમધમતું- દેવી એન્ટરપ્રાઈઝ. આ સંકુલમાં હિન્દુ, મુસ્લિમ, સિંધી, સુતાર, બ્રાહ્મણ, વાણિયા બધી જ જ્ઞાતિના લોકો કામગીરી કરે છે. સૌ વિશ્વાસથી ફરજ બજાવે છે. પરિણામે ઘણું સારું છે. જામનગર પ્રમાણે દરેકને ઘણું સારૂં વેતન અપાય છે.

કિરણચંદ માને છે કે, દેખરેખ કામ પ્રત્યે હોય, માણસ પ્રત્યે ન હોય. તેથી જ અહીંથી ઘણાંએ પ્રગતિની ઉડાન ભરી છે, એમ મને લાગે છે. મારા કારખાનામાં નોકરી માટે ઈન્ટરવ્યુ માટે આવતાં ઉમેદવાર મને પૂછે છે કે, સાહેબ મને પગાર કેટલો આપશો? ત્યારે હું જવાબ આપું છું. તું મને આપીશ, તેનું હું બમણું આપીશું.

તેઓએ પોતાના કારખાનાંના સર્જન વખતે ૨૦ કલાક કામ કર્યું છે. કિરણચંદ ખેદ વ્યક્ત કરતાં ઉમેરે છે કે, આપણે કલ્ચર ભૂલતાં જઈએ છીએ. ભણતર ઓછું છે, જાગવું પડશે-જાગવું જ પડશે. મહેનત કરવામાં પાછી પાની નહીં ચાલે.

તેમના જીવનમાથી ચૂંટેલા યાદગાર પ્રસંગો માંથી એક પ્રસંગ આ પ્રમાણે છેઃ ૧૯૬૮માં ઈલેક્ટ્રિક એન્જિનિયરિંગ ડિપ્લોમા પ્રથમ વર્ગ મળેલો. તરત જ રૂ. ૧૫૦માં ઓવરસીયર તરીકે નોકરી મળી. મોટા બાપુએ ટકોર કરીઃ ડિપ્લોમા ફર્સ્ટ પોઝિશન મેળવી પણ રૂ ૧૫૦નો ઓવરસીયર જ ને? શ્રી કિરણચંદને લાગી આવ્યું ઘેરથી ભાગી કારખાનું શરૂ કર્યું. આજે જે પ્રગતિ તમને મળી છે. તેને માટે કિરણચંદ તેમના મોટાબાપુનો અંતઃકરણ પૂર્વક આભાર માને છે. તેઓ પાસે દૃષ્ટિ છે, સંશોધન છે. એક સંશોધન મુજબ તેમણે કહ્યુંઃ 'પુરૂષ બીજા પરૂષ સાથે વાત કરતો હોય છે. ત્યારે બંનેનો જમણો ગાલ સામસામે હોય છે. એ જ રીતે દુનિયાની લગભગ સ્ત્રીઓની લખવાની રીત સરખી હોય છે.'

તેમણે મને બીજી વાત કરતાં ઉમેર્યું : 'મને ભગવાન મળે તો હું તેમને પૂછું. ભગવાન મને દુનિયાના છેડે લઈ જા.'

આપણે તો વિશ્વમાનવ છીએ. માનવ માનવને નહીં ચાહે તો? તો આ સૃષ્ટિનું શું થશે? આવા પારદર્શક વ્યક્તિત્વ ધરાવતા ઉદ્યોગકારને હાર્દિક શુભકામનાઓ.

આ સંસારમાં માણસ માણસ વચ્ચેનાં લાગણીનાં તમામ વહેવારોમાં કોઈ ન્યાય માંગતુ નથી... પ્રેમ જ માગે છે, ઘર એ કોઈ કોર્ટરૂમ નથી કે જયાં સાબિતી અને પુરાવા રજૂ કરીને સ્નેહનો ન્યાય માંગવા ફરીએ...

ઘણીવાર દુનિયા વટાણાને દાણો થઇ જાય...
વિચાર યાત્રા
- જય ઓઝા

જીવનમાં કર્તવ્ય નિભાવતાં - નિભાવતાં, જવાબદારી અદા કરતા કરતા ક્યારેય એવો વિચાર આવે છે કે શું આપણા આ કાર્ય સ્નેહીજન માટે, તેમના આનંદ માટે સંતોષ માટે પર્યાપ્ત રહેશે કે કેમ!

જ્યારે આપણે એમ સમજતા હોઇએ કે લોહીનું પાણી કરીને પણ આપણાં વ્યક્તિઓ માટે જે જવાબદારી અદા કરવાનું કાર્ય કર્યું છે, તે ખરેખર પ્રામાણિકતાથી, ઇમાનદારી પૂર્વક પાર પાડ્યું છે, જીવનના આ રંગમંચમાં સૂત્રધારનું કપરૂં કામ ભાગે આવ્યું છે. તે નિભાવવાનો આયાસ આપણે બખૂબી કરતા હોઇએ છીએ, પરન્તુ તક્ષા પરના બીજા પાત્રોને જ્યારે પ્રયાસમાં કાંઇક ઉણપ વર્તાવા લાગે... ત્યારે સૂત્રાર નોંધારો થઇને ભાંગી પડે છે.

ધન અને સ્નેહની બાબતમાં તદ્દન ઉલ્ટી સ્થિતિ છે. ધનની બાબતમાં દેણદાર કરતાં લેહદારનું સ્થાન ઊંચું હશે પણ સ્નેહની બાબતમાં લેનારા કરતાં આપનારો ઊંચો છે...

કોણ પણ માણસની જિંદગી ખરેખર તો એકલતાની પાત્રા છે... સંબંધ લોહીનો હોય કે લાગણીનો. પરંતુ જ્યારે ધાર્યો પ્રતિસાદ ન સાંપડે ત્યારે દિલમાંથી ન સંભળાય તેવ ટીસ ઊઠે છે.

વાસ્તવમાં દરેક સહૃદયી વ્યક્તિ પોતાની જવાબદારી પ્રામાણિકતાથી બજાવતો જ હોય છે... પરંતુ વધુ અપેક્ષા અથવા કહો કે ખોટી અપેક્ષાઓ જ તેને અદ્યમૂઓ બનાવી દે છે...

કોઇને પ્રેમ ક્દીઓછો હોતો નથી
આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે...

શ્રી હરિન્દ્ર દવે આ મહાન પંક્તિઓ કહી ગયા તે શું આપણે જ આત્મસાત કરવી આવશ્યક છે...

આ સંસારમાં માણસ માણસ વચ્ચેનાં લાગણીનાં તમામ વહેવારોમાં કોઇ ન્યાય માંગતુ નથી... પ્રેમ જ માગે છે. ઘર એ કોઇ કોર્ટરૂમ નથી કે જયાં સાબિતી અને પુરાવા રજૂ કરીને સ્નેહનો ન્યાય માંગવા ફરીએ...

ઘર એ તો મંદિર છે... તેના અપેક્ષા પ્રેમની જ રાખવામાં આવે છે, ન્યાયની નહિ.

શા માટે પિતા-પુત્ર વચ્ચે એક અદૃશ્ય રેખા હોય છે! જેવી પરિસ્થિતિમાં પણ પુત્રની દરેક ઇચ્છા પૂર્ણ કરતા હોવા છતાં... માત્ર બીજાનું જોઇને પોતાને મોંઘી બાઇક ન મળતા પિતા વિરૂધ્ધ અદૃશ્ય અને પરોક્ષ રૂપે મોરચો માંડે છે... એવી નજરોથી પિતા સામુ જુએ છે કે પિતા સળગી ઊઠે છે... વિચાર કરે છે કે 'ક્યાં કમ પડ ગયા.'

તેવી જ રીતે દીકરો કે દીકરી જ્યારે મોટા થઇને ખૂબ જ ઇમાનદારી પૂર્વક જવાબદારી વહન કરવાના માર્ગે ચાલતા હોય છે, અને આ માર્ગમાં જો કોઇ નાની ભૂલ અથવા તો કહીએ કે ગેરસમજો નો સરવાળો થાય તો રાખવાની, ઊભી થતી મુશ્કેલી વખતે મોટેરાઓ જે મૌનવ્રત રૂપી અત્યાચાર કરતા હોય છે, તેને હિંસામાં જ ખપાવવો જોઇએ...

'જનરેશન ગેપ'ના રૂપકડાં નામ હેઠળ ઘણી બધી વાતને લાવી દઇને ચૂપચાપ મનમાં શેરડા પાડતાં આ વડીલોને રાતોરાત એમ શાને લાગવા માંડતું હશે કે - 'કોઇ કોઇનું નથી રે!'

એવું કહે છે કે સુખને માણવું હોય તો ભૂતકાળની વેદના સામે રાખીને વર્તમાનની ક્ષણો સાથે મૂલવવી, પરંતુ થાય છે, તેનાથી ઊલ્ટું... ભૂતકાળના દુઃખ વર્તમાનમાં સુખ લાગવા માંડે છે... સરખામણી કરતાં વર્તમાનમાં ફક્ત કાંટા જ વાગે ત્યારે સમજવું કે તમે હાથે કરીને કાંટાળો માર્ગ પસંદ કરીને હેરાન થઇ રહ્યાં છો.

પતિ-પત્ની વચ્ચેના સંબંધમાં પણ આ નોબત આવે ત્યારે... છેવટે એક મહાન શૂન્ય પેદા થાય છે... ક્દાચ આપણું હૃદયી વધારે પ્રત્યાર્પણ દોહ્યલુ થઇ હશે... સંબંધોની ક્યારીમાં જ્યારે અવિશ્વાસના નિંદામણ વધવા માંડે પછી પ્રેમરૂપી પાકને નુકશાન ન થતું હોય છે...

આ બધું પરસ્પર છે, સામ સામે- એકબીજાને જ્યારે એમ લાગે રાખે કે કર્યાની કોઇ કિંમત નથી ત્યારે હંમેશાં નવી સમસ્યાઓ જ જન્મ લેતી હોય છે...

તો શું જે કાંઇ આપણે સ્નેહી માટે આત્મીજન માટે કરીએ છીએ તે પૂરતું નથી હોતું... વાસ્તવમાં જે કાંઇ પણ કરી છૂટીએ તે આખરે પોતાની માટે જ હોય છે. આપણે કોઇ પણ ઉપકાર નથી કરતા...

માણસના દુઃખને ઓગાળી નાખનારૂં, રસાયણ 'પ્રેમ' છે, અને ઇશ્વરે આ શક્તિ માણસને જ આપી છે. જ્યારે સઘળું દઇ દીધા પછી પણ સામે તૃપ્તિનો અહેસાસ ત્યારે ફાટી પડવા જેવી સ્થિતિ થઇ જાય છે...

શું આ સ્વાર્થીપણુ છે, અજંપ છે, કે પછી કોઇ અદૃશ્ય ટીસ છે કે આવી લાગણી થઇ આવે છે કે 'કુછ ભી કરો સાલા કમ હી પડ જાતા હૈ...!' કવિ સ્વૈશ્વરદયાલ સકસેના અણદીઠી ટીસની વેદના કવિતામાં ઉતારે છે...

ઘણીવાર દુનિયા
વટાણાનો દાણો થઇ જાય છે,
એક હથેળી પર
આખીને આખી વસ્તી જાય છે...
હું જ્યાં હોઉં છું ત્યાંથી ઊઠી જાઉં છું.
ઘણીવાર રાત કીડીની જેમ ધીરે - ધીરે આવે છે.
ઘણીવાર એક સ્મિત
ઠંડી હવાની જેમ વહે છે...
પર્વતની જેમ ઊભી થઇ જાય છે...
ઘણીવાર એક ખામોશી
અને હું - જ્યાં હોઉં છું
ત્યાંથી ચાલી નીકળઉં છું...
ઘણીવાર એક વ્યથા
યાત્રા બની જાય છે...

શંકરલાલ માસ્તરને દરેક નાની વાત યાદ આવી જતી અને એ ઉદાસીન થઇ જતા અને હવે કેટલાં વર્ષના સ્નેહને આદરના વાતાવરણના વચ્ચે પાછા ઘરે જવાનો અવસર આવ્યો હતો!

સ્ટેશન માસ્તર શંકરલાલ!! - અતીતનાં ઓવરણાં કરતી નવલિકા
- યશવંત કડીકર

સ્ટેશન માસ્તર શંકરલાલ ઓરડામાં પડેલાં સામાન પર એક નજર દોડાવી ગયા, બે પેટી, એક ડોલચું, એક બીસ્તર... 'આ ડબ્બો શાનો છે, મગને એમને પૂછ્યું. બિસ્તરો બાધતા - બાંધતાં મગનં કઇક ગર્વ અને લજ્જાથી બોલ્યો, 'ઘરવાળી એ સાથે લઇ જવા ચૂરમાના લાડુ આપ્યા છે. કહે, બાબુજીને બહુ ભાવે છે. અમરે ગરીબને તમારી સેવા કરવાની ક્યાં મળવાની છે?'

ઘેર જવાના આનંદની વચ્ચે પણ શંકરલાલ માસ્તરે એક વિષાદ અનુભવ્યો. જાણે એક પરિચિત સ્નેહ, આદરમય, સહજ સંસાર સાથેનો સંબંધ તૂટી રહ્યો હતો. વિમસણ, વિડંબણાઓ... બધું કેવું, એકબીજા સાથે સંકળાયેલું છે... અને એમાંય મમત્વ, લાગણીઓ અને ભાવનાવેશ એક સાંકળની જેમ જ સંકળાયેલા છે ને... તે વિચારી રહ્યા...

'કોઇ વાર અમારી ખબર તો લેતા રહેજો.' સામાન્ તૈયાર કરતાં મગને કહ્યું.

'કંઇ જરૂર પડે તો લખજે' મગન, અને માગશર સુધીમાં દીકરીને પરણાવી દેજે.'

મગને ધોતિયાના છેડાથી આંખ લુછી. 'તમો અમારી મદદ નહિ કરો, તો બીજું કોણ કરવાનું હતું. તમે અહીં હોય તો લગ્નનો વિચાર કરી લેત વળી.'

શંકરલાલ માસ્તર જવા માટે તૈયાર થઇને બેઠા. રેલ્વે ક્વાર્ટરના એ ઓરડામાં એમણે કેટલાંય વર્ષો ગાળ્યા હતા, અને હવે ત્યાંથી એમનો સામાન નીકળી જતાં, તે એકદમ કુરૂપ અને નગ્ન લાગતો હતો. એમણે રોપેલા છોડ પણ ઓળખીતા - પારખીતા લઇ ગયા હતા. અને ચારે બાજુ માટી વેરાયેલી પડી હતી. પરંતુ પત્ની અને બાળકોની સાથે રહેવાની કલ્પનાની સામે એ વિયોગનો ભાવ એક ક્ષણમાં લહેરની જેમ ઊડીને વિલીન થઇ ગયો.

શંકરલાલ માસ્તર ખુશ, ઘણા ખુશ હતા. પાંત્રીસ વરસની નોકરી પછી હવે એ નિવૃત્ત થઇને જઇ રહ્યા હતા. આ વર્ષોમાં મોટા ભાગનો સમય તો એમણે એકલા રહીને ગાળ્યો હતો.

એકલતાની એ ક્ષણોમાં એમણે પોતાના કુટુંબી જીવનની જ કલ્પના કરી હતી. એ જ આશાનાં બળે, આ એના અભાવનો બોજો વહી રહ્યા હતા. સંસારની દૃષ્ટિએ એમનું જીવન સફળ કહી શકાય એવું હતું. શહેરમાં એમણે એક ઘર બાંધ્યું હતું. મોટા પુત્ર પરેશ અને પુત્રી રમાને પરણાવી દીધાં હતા. બે છોકરાં કોલેજમાં ભણી અવારનવાર નાના જોખમોમાં રહ્યાં હતા. પ...ણ છોકરાનું ભણતર ના બગડે એટલે બાળકો અને પત્ની શહેરમાં રહ્યા હતા. પ્રકૃતિથી શંકરલાલ માસ્તર પર સ્નેહાકાંક્ષી હતા. કુટુંબ સાથે હતું ત્યારે 'ડ્યૂટી' પરથી પાછા ફરીને એ બાળકો સાથે ટોળ-ટપ્પા કરતા અને પત્ની સાથે પણ મનોવિનોદ કરી લેતા. એ સૌ જતાં એમનાં જીવનમાં ઊંડો સૂનકાર વ્યાપી ગયો હતો. કવિ પ્રકૃતિના નહિ હોવા છતાં તેમને પત્નીની સ્નેહભરી વાતોનું સ્મરણ થઇ આવતું. બપોરે ગરમી હોય તો પણ એ બે વાગ્યા સુધી દેવતા પેટાવી રાખતી અને પોટે સ્ટેશનથી પાછા ફરે એટલે ગરમા ગરમ રોટલી ઉતરી દે. એમનું ભોજન પૂરૂં થયાં પછી પણ, પોતે ગમે તેટલી ના પાડે તોયે થોડું તો એ થાળીમાં પીરસી જ દેતી, અને અત્યંત પ્રેમથી આગ્રહ કરતી. બહારથી થાક્યા - પાક્યા આવ્યા હોય તો એમનાં પગલાં સાંભળતાં જ એ રસોડાનાં બારણે આવી ઊભી રહેતી અને એની સુલજ્જ આંખ હસી ઊઠતી. શંકરલાલ માસ્તરને દરેક નાની વાત યાદ આવી જતી અને એ ઉદાસીન થઇ જતા અને હવે કેટલાં વર્ષના સ્નેહને આદરના વાતાવરણના વચ્ચે પાછા ઘરે જવાનો અવસર આવ્યો હતો!

શંકરલાલ માસ્તરે ટોપી ઉતારીને ખાટલા પર મૂકી. જોડા કાઢીને નીચે સરકાવી દીધા. અંદરથી રહી રહીને અટ્ટહાસ્ય સંભળાતું હતું. રવિવારનો દિવસ હતો અને બધા બાળકો ભેગાં થઇને નાસ્તો કરી રહ્યાં હતા. શંકરલાલ માસ્તરના રૂક્ષ ચહેરા પર સ્નિગ્ધ સ્મિત છવાઇ ગયું. એમ જ હસતાં - હસતાં, ગળું ખોખાર્યા વિના એ અંદર ગયા. એમને જોયું તો પરેશ કમર પર માથું મુકીને, ક્દાચ આગલી રાત્રે જોયેલી કોઇ ફિલ્મની નકલ કરી રહ્યો હતો. લતા હસી હસીને બેવડી વળી જતી હતી. પરેશની પત્નીને શરીર, સાડીનો છેડો કે ઘૂંઘટ, કશાયના હોંશ હતા નહિ અને મુક્ત મને એ હસી રહી હતી. શંકરલાલ માસ્તરને જોતાં જ પરેશ દુઃખ કરતો બેસી ગયો, અને ચાનો કપ મોઢે માંડી દીધો. વહુને ભાન આવતાં એણે મોઢે ઓઢી લીધું. માત્ર હસતું રોકવાનો પ્રયત્ન કરી રહેલી લતાનું શરીર હાલી રહ્યું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૯મી ફેબ્રુઆરી

- અખિલ ભારત પંચાયતી રાજના પ્રણેતા - ૧૯-૯-૬૩માં રાજ્યના મુખ્યમંત્રી બનનારા, નિષ્ઠાવાન, પ્રામાણિક, રાજનીતિજ્ઞ બળવંતરાય મહેતાનો જન્મ ૧૯-૨૦૧૮૯૯.
- બુધ્ધ, કાર્લમાર્ક્સ, મહાત્મા ગાંધીની ફિલસૂફીનો સમન્વય કુલપતિ ફિલસૂફ નરેન્દ્ર દેવની પુણ્યતિથિ - ૧૯૫૬. ખગોળશાસ્ત્રના સૂર્યના સિધ્ધાંતોને સહુ પ્રથમ ખ્યાલ આપનારા નિકોલસ કોપરનિક્સનો પોલેન્ડના થોર્ન ગામમાં જન્મ. ૧૪૭૩.

- ૧૬૩૦ - શિવાજી મહારાજની જન્મજયંતિ.

- ૧૯૧૫ - ભારત સેવક સમાજના સ્થાપક, દેશભક્ત સર ગોપાલ કૃષ્ણ ગોખલેનું અવસાન.